# અમારું ઘર

--વીનોદ પટેલ

નેશનલ હાઈ-વે આઠ ઉપર ચીલોડાથી હીંમતનગર તરફ દોડી રહેલી ટ્રકની હેડલાઈટ અંધારામાં પોતાનો રસ્તો શોધતી આગળ વધી રહી હતી. ટ્રકની કેબીનમાં મુસાફરી કરી રહેલ મારા પરીવારને આ કેબીનમાં અગરબત્તીની સુગંધ અને પ્રભાતીયાંને લીધે મંદીર જેવું વાતાવરણ લાગતું હતું. થોડીવાર પછી ઉગતા સુરજને નમન કરી, ડ્રાઈવરે હેડલાઈટ બંધ કરી, બહારથી પ્રકાશ કેબીનમાં પ્રવેશવા લાગ્યો.

અમે આંખના ઈશારે કેબીનની સજાવટના વખાણ કરતાં હતાં. શાંત વાતાવરણને ડ્રાઈવર હોર્ન વગાડી થોડી થોડી વારે જીવંત કરવા પ્રયાસ કરી રહ્યો હતો. અને કેસેટમાં વાગતાં ભજન સાથે પોતે પણ ગણગણી રહ્યો હતો.

પાછળ નજર કરતાં ડ્રાઈવર બોલ્યો, 'અરે, ઓ ચંપા ! ઉઠ અબ થોડી દેરમેં ચંદ્રાલા આયેગા.' આ સાંભળતાં જ અમે એકબીજા તરફ પ્રશ્નાર્થ નજરે જોવા લાગ્યાં અને મનોમન વીચારવા લાગ્યાં કે તેના ક્લીનરને 'ચંપા'ના નામે બોલાવતો હશે. ત્યાં તો થોડી જ વારમાં કેબીનની પાછળની બાજુએ સાંકળથી લટકાવેલા બાંકડા ઉપરથી એક સ્ત્રી નીચે ઉતરી !

થોડીવાર પહેલાં જે ડ્રાઈવર માટે માન હતું તેના પ્રત્યેની દષ્ટી બદલાઈ, પોતે આ ટ્રકમાં ક્યાં બેસી ગયાં તેવી લાગણી અમે અનુભવવા લાગ્યાં. ચંદ્રાલા ગામ આવતાં જ ડ્રાઈવર, ટ્રક ધીમી કરી એક બાજુ લેતાં કહેવા લાગ્યો, 'સા'બજી ચાય પીકે નીકલતે હૈં.' રોડની બાજુમાં ટ્રકને ઉભી રાખી. જેવી ટ્રક ઉભી રહી કે ચંપાએ એક લાંબું પેચીયું લઈને બધાં જ ટાયરને તપાસી લીધાં. ડ્રાઈવરે નીચે ઉતરીને, બાજુની નહેર પર બનાવેલી પાળ ઉપર લંબાવ્યું-જાણે તેમના કાયમી રુટમાં આવતું પોતાનું આ નીર્ધારીત રોકાણ હોય તેમ.

ટ્રકની કેબીનમાં બેઠેલાં બીજા એક મુસાફર બહેન કહેવા લાગ્યાં, 'ચાલો, આપણે બીજા સાધનમાં જતાં રહીએ. આ લોકો સાથે આપણને કોઈ જોશે તો શું કહેશે?'

કેબીનમાં આવો વાર્તાલાપ ચાલતો રહ્યો. તેટલી વારમાં તો ચંપા સ્ટવ, ડબ્બા અને ચા બનાવવાનાં વાસણો લઈ ચા બનાવવા લાગી. ચા તૈયાર થતાં, કેબીન પાસે આવી ડ્રાઈવર કહેવા લાગ્યો, ' સા'બજી આપ ભી ચાય પીજીયે ન !' અને ડ્રાઈવરના આગ્રહને લીધે સંકોચાતાં સંકોચાતાં અમે પણ ચા પીવા નીચે ઉતર્યાં. ત્યાં તો ચાની ચુસ્કી સાથે જ બુમ પડી, 'અરે, ઓ ચંપા બીડી તો પીલા દે !'

'તમે ક્યારથી સાથે રહો છો ?' ખુબ જ હીંમત સાથે સીધો જ સવાલ મારાથી ડ્રાઈવરને પુછાઈ જતાં તે બન્ને નીચું જોઈ ગયાં.

'સાહેબ, એ કહાની તો બહુ જ લંબી છે' બોલી, બીડીના કસથી ઠંડી ઉડાડતો અને સળીથી જમીન ખોતરતો જાણે પોતાના ભુતકાળનેયે ખોતરતો હોય તેમ ડ્રાઈવર બોલ્યો. 'હું નાનપણથી જ હૉટેલમાં ટેબલ સાફ કરતો. મને કંઈ જ યાદ આવતું નથી કે હું ક્યાંથી ને કેવી રીતે હૉટલમાં આવ્યો. મારી સાથે બીજા એક-બે છોકરાઓ પણ મારી જેમ જ મજુરી કરતા હતા. અમારો દીવસ હાથમાં કપડાના ગાભા સાથે ઉગતો અને થાકીને લોથપોથ થઈને રાતે પગથીયાને કોઈ ખુણે સુતા ત્યારે પણ હાથમાં ગાભો હોય જ.

'ભુખ લાગે ત્યારે ખાવા કરતાં શેઠની ગાળો વધારે ખાવી પડતી. શેઠ હમેશાં કહ્યા કરતો કે મારો ઉપકાર માનો કે હું તમને આશરો આપું છું. ત્યાં કામના બદલામાં વળતર કે પગારની તો વાત જ ક્યાં આવે? અમારા હાથે ચાનો કપ કે રકાબી તુટી જાય તો એક ટંક ખાવાનું બંધ. આમ ને આમ હૉટલની ચાર દીવાલો અને રસોડામાં અમારું બાળપણ હોમાઈ ગયું.

'એક દીવસ હોટલની બહાર ઉભેલી એક ટ્રકના ડ્રાઈવરે મારી પાસે પાણી મંગાવ્યું. હું જગ ભરીને પાણી લઈ ગયો. તે મને પુછે : 'છોટુ, તેરા નામ ક્યા હૈ?' હું તો જવાબ આપ્યા વીના સામે જ જોઈ રહ્યો ! મને મારા નામની જ ખબર નહોતી. શેઠ અને ગ્રાહકો મને, 'ટેણીયો, ઘોંચું, ડફોળ, બદમાશ, કામચોર, આળસુ, ઉંઘણશી' જેવાં જુદાં જુદાં સંબોધનથી બોલાવતા. મને 'છોટુ' નામ તો બહુ ગમી ગયું. અવારનવાર આ ટ્રક ડ્રાઈવર આવે તો હું દોડીને પાણી આપવા જાઉં. તે પ્રેમથી મને છોટુ કહી બોલાવતા અને એમને મોઢે મારુ 'છોટુ' નામ સાંભળવા હું એમની કાયમ રાહ જોતો.

'હવે તો હોટલમાં પણ બધાને મેં કહી દીધું કે મારું નામ છોટુ છે. દર બે દીવસે આવતી આ ટ્રકની હું રાહ જોતો. ટ્રક આવે એટલે પાણી લઈ દોડતો અને પાણીથી કાચ પણ સાફ કરી આપતો. કેટલીક વાર ટ્રક પણ સાફ કરી આપતો. એ જોઈ શેઠે એક દીવસ કહ્યું, 'તને ટ્રકમાં કામ કરવાનો બહુ શોખ હોય તો સાથે જતો રહે.' ડ્રાઈવર આ સાંભળી ગયો ને તેણે શેઠને કહ્યું, 'ઠીક હૈ. મૈં છોટુ કો અપને સાથ લે જાતા હું. છોટુ, તુ આયેગા મેરે સાથ?'

'મેં માથું હલાવી હા પાડી. જીવનમાં પહેલી વાર હોટલની ચાર દીવાલ છોડવાનો આનંદ, રોડ, ગામડાંઓ જોવાનો આનંદ મળવા લાગ્યો. આખું ભારત ફર્યો. ટ્રકની કેબીન અને ગાડી આખી ચકાચક રાખતો. હું ડ્રાઈવરને 'ઉસ્તાદ' કહીને બોલાવતો. હવે મોટો થતાં ઉસ્તાદ મને ક્લીનરમાંથી ડ્રાઈવર બનાવવા ટ્રક ચલાવતાં શીખવવા માંડ્યા. લાયસન્સ માટે પહેલી વાર ફોટો પડાવ્યો. હું ફોટાને ફેરવી ફેરવીને જોયા કરતો અને મારા ખીસામાં જ રાખતો. ઉસ્તાદ સાથે એક ભાઈ આવેલા. મને પુછે, 'તમારું નામ?' 'છોટુ', મેં કહ્યું. હું ખુશ હતો. મને હવે લાયસન્સ મળશે. 'પપ્પાનું નામ? તમારી અટક શી છે? ગામનું નામ?' આ ભાઈના આવા એકે સવાલના જવાબ મારી પાસે ક્યાંથી હોય ! હું તો ઉસ્તાદ સામે જોઈ એટલું જ બોલ્યો, 'છોટુ નાનાલાલ શેઠ'. મને મારા નાનાલાલ શેઠનું નામ આવડતું હતુ. બાકીનું બધું ઉસ્તાદે લખાવ્યું. અઠવાડીયા પછી ફોટા સાથેનું લાયસન્સ આપતાં ઉસ્તાદે કહ્યું, 'છોટુ, લે, યે તેરા લાયસન્સ આ ગયા !'

'અમે દર વખતે જ્યારે નાનાલાલ શેઠની હોટલ આગળથી નીકળતા ત્યારે શેઠ અને જુના મીત્રોને મળીને જ આગળ જતા. શેઠ મારી ચાના પૈસા ક્યારેય ન લેતા. આ વખતે શેઠને મેં મારું લાયસન્સ બતાવ્યું. શેઠની આંખમાં આંસુ આવી ગયાં. મને પહેલી વાર છાતીએ લગાડી બોલ્યા, 'અરે વાહ ! છોટુ, તેં તો મને બાપ બનાવી દીધો !'

'મને આજે અહેસાસ થયો કે નોકરો પાસેથી કામ કઢાવવા શેઠે ગુસ્સામાં રહેવું પડે; બાકી એમની પાસે દીલ જેવું તો છે. તે દીવસે આગ્રહ કરીને મને એક જોડી નવાં કપડાં અપાવ્યાં. હવે તો હું એકલો પણ ટ્રક લઈને જવા લાગ્યો. ઉસ્તાદે મને થોડું લખતાં-વાચતાંય શીખવી દીધું. બૅન્કમાં ખાતું ખોલાવ્યું. મારો પગાર પણ હવે તેમાં ઉસ્તાદ જમા કરાવે.

'ઉસ્તાદની જેમ મને પણ અમુક નક્કી હોટલે ચા પીવા માટે ટ્રકને ઉભી રાખવાની આદત. એક હોટલમાં ચંપાની માસી ચા બનાવે. ચંપા બધાને ચા આપે. આમ તો બધા જોડે હસીને વાત કરતી ચંપાના ચહેરાનું નુર આજે ગાયબ થયેલું જોઈ મેં પુછ્યું, 'ચંપા શી વાત છે? આજે આટલી ઉદાસ કેમ?' ચંપાની આંખમાં તો આંસુ ! માસી કહે, 'ચંપાનો બાપ એને કોઈ બુઢ્ઢા સાથે થોડા રુપીયા લઈને પરણાવી દેવા માગે છે.'

'શું એક બાપ થઈને આવું કરી શકે?'

'તે ચંપાનો બાપ નથી ને હું ચંપાની માસીયે નથી. ચંપા કોની છોકરી છે તે એનેય ખબર નથી.'

'હું હચમચી ઉઠ્યો. ચંપાના દર્દને સમજી શક્યો અને મારી બેચેની ઉસ્તાદને સમજતાં વાર નહીં લાગી ને પુછ્યું, 'છોટુ, શી વાત છે? તબીયત ઠીક નથી?' મેં કહ્યું, 'ના ઉસ્તાદ, તબીયત તો સારી છે...' પછી મેં ચંપા વીશેની બધી વાતથી ઉસ્તાદને વાકેફ કર્યા. તેમણે ગાડીને તરત જ બ્રેક મારી

અને કહે : 'છોટુ, તું ચંપા જોડે લગન કરીશ?' મારા મૌનને તે સમજી ગયા. ટ્રક પાછી વાળી. તેમણે માસી સાથે વાત કરી અને ચંપાને સાથે જ ટ્રકમાં લેતા આવ્યા. રાત્રે ઉસ્તાદના ઘરે અમારાં લગન થયાં.

'બીજે દીવસે અમને વકીલની ઑફીસે લઈ ગયા. મારી માહીતી લખ્યા પછી તે ચંપાને પુછવા લાગ્યા : 'તારું નામ શું?'

'ચંપા.'

'બાપનું નામ, વતન, જાતી, અટક ઝટ બોલતી જા..'

'પણ ચંપાના હોઠ સીવાયેલા જ રહ્યા. ઉસ્તાદે કહ્યું, 'મારું નામ, સરનામું લખો.' હું તો અવાક્! ઉસ્તાદે ચંપાના બાપ તરીકે પોતાનું નામ લખાવ્યું. અમારાં લગ્ન આમ હવે કાયદેસરનાં થયાં. રાતે ઉસ્તાદે એમના ઘરે મીત્રોને બોલાવી લગ્નની ખુશી મનાવી.

'બીજા દીવસે એક કવર હાથમાં મુકી ઉસ્તાદ કહે, 'છોટુ, લે, ચંપાને મારા તરફથી કન્યાદાનમાં આ કવર.' કવરમાં, ટ્રક ચંપાને નામે ટ્રાન્સફર કરી તેના દસ્તાવેજો હતા! હું ઉસ્તાદને પગે પડું તે પહેલાં તો મને છાતી સરસો દબાવી દીધો. અમ બન્નેની આંખોના ચારે ખુણા જીવંત હતા. ચંપા તો કશુંય સમજ્યા વીના જોઈ જ રહી.'

ડ્રાઈવર સાથેની અમારી આટલી વાતમાં કેટલો સમય ગયો તેની સુધ જ અમને તો ન રહી. ચંપાએ ચાનાં વાસણ અને કેબીન સાફ કરી બુમ પાડી, 'ચલો અબ દેર હો રહી હૈ...!' ટ્રક હીંમતનગર તરફ આગળ દોડવા લાગી. ત્યાં છોટુ કહે, 'સા'બજી યહ ફોટો દેખ રહે હો ન, બસ યહી મેરે ઉસ્તાદ... ભગવાન હૈં મેરે...!'

' તે તમે કોઈ ભગવાનનો ફોટો નથી રાખતા?' મેં કુતુહલવશ પુછ્યું.

'ના, મેં ભગવાનને જોયા પણ નથી અને જરુર પણ નથી. મારે તો મારા ઉસ્તાદ જ મારા ભગવાન.'

ટ્રકે હીંમતનગરથી શામળાજીનો વળાંક લીધો. અમે આગળના ચાર રસ્તે ટ્રક ઉભી રાખવા કહ્યું. ટ્રક બેરણા-આગીયોલ ઉભી રહી. ભાડું આપવાની વાત થઈ તો કહે, 'જે થતું હોય તે જ આપો અને બાળકોનું ભાડું નહીં લેવાય. આતો તમે પરીવાર સાથે હતાં તેથી બેસાડ્યાં.' છોટુ અને ચંપાએ ટ્રક શામળાજી તરફ હંકારી મુકી. બન્ને હાથ હલાવતાં આવજો...આવજો...કરે છે.

ટ્રકની કેબીનમાં ધબકતા જીવનને અમે પણ હાથ હલાવીને તેમને શુભેચ્છા અને સલામ બન્ને પાઠવી. ટ્રકની પાછળ લખ્યું હતું : **'અમારું ઘર.'**

--વીનોદ પટેલ

સંપર્ક : સી-**4**, કાલીન્દી સોસાયટી, સરકારી બોર સામે, બોપલ, અમદાવાદ-**380 058**
મોબાઈલ : **94275 31840** ઈ-મેઈલ : **vmp1965@gmail.com**



## લેખક પરીચય

૧૯૬૫માં સાબરકાંઠા જીલ્લાના બેરણા ગામે એક ખેડુત પરીવારમાં જન્મેલા **શ્રી. વીનોદ પટેલ** ૧૯૯૧થી અમદાવાદ સ્થીત 'ઈસરો'ના-'ભારતીય અંતરીક્ષ ઉપયોગ કેન્દ્ર(SAC)'માં સીનીયર ટેકનીશીયન છે. કાર્યક્ષેત્ર વીજ્ઞાન; પણ સાહીત્ય એ એમના જીવન-રસનો મુકામ. અને એક ખેડુતપુત્ર જ્યારે કલમ ચલાવે ત્યારે, હળ જેમ ધરતીને વધુ ફળવતી બનવામાં મદદ કરે તેમ, તેની કલમ પણ જીવનને વધુ સમૃદ્ધ કરવામાં સહાયક જ બને. અમદાવાદના **'જયહીંદ'** દૈનીકમાં વર્ષોથી તેઓ અર્ધ સાપ્તાહીક બુધવારીય પુર્તીમાં **'સંસાર દર્શન'** અને **'ટહુકો ઝાકળ ભીનો'** કટારમાં ટુંકી વાર્તાઓ લખે છે.

**'માનવ'** અને **'પાટીદાર દર્શન'**માંય એમની વાર્તાઓ આદર પામે છે. રંગભુમી અને લોકનૃત્યના માહેર. ટીવી શ્રેણીઓમાંય કામ કરે. જીવાતા જીવનને તેની સમગ્રતામાં અને વીધાયક રીતે અવલોકતા અને નીરુપતા આ લેખક, હવે શબ્દોના મોતીની ખેતી કરે છે. એમની નવલકથા **'કોરો અષાઢ ભીના રણ'** (ચૈતાલી પ્રકાશન, ૩-પારસકુંજ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯, પાન : ૧૭૬, મુલ્ય : રુપીયા : ૯૦) વાચકોનો જબરો આવકાર અને આદર પામી છે.

આ વાર્તા બાબતે વીનોદભાઈએ ફોન પર કહ્યું, 'શબ્દ-રંગો મારા છે; પણ આંખે દીઠી ને કાને સાંભળેલી આ બીના છે. આધુનીક સુખ-સામગ્રીસજ્જ ભવ્ય મકાનને જ **'ઘર'** કહેવાય એવું થોડું છે!'

--ઉત્તમગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર)


શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે લૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણ પછી **4,95,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com લૅક્સીકૉનની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **6700** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ

http://gujaratilexicon.com/index.php?action=downloadSeM

પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..





'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : અક્ષરાંકનઃ **uttamgajjar@hotmail.com**

## ● મધુરેણ સમાપયેત્ ●




હવે…, છાપામાંથી મોંઢું કાઢીશ? થોડોક ઝગડવામાં પણ ટાઈમ કાઢ…!

પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ **શ્રી. મહેન્દ્રભાઈ શાહ**નો
ઈ-મેઈલ સંપર્ક : **mahendraaruna@msn.com**
એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની
web site : www.ameamericanamdavadi.com

‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : ત્રીજું -- અંક : **124** -- **October 21, 2007**
‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફોન્ટમાં અક્ષરાંકન : અક્ષરાંકનઃ **uttamgajjar@hotmail.com**

### નાના નાના ગાંધીઓ

*‘નાના માણસો, ભુલાયેલા માણસો, સરકાર-દરબારોની ઉપેક્ષાથી અગોચર રહેલાં માનવીઓ, એ સાચું ગુજરાત છે. ગુજરાતનું ગૌરવ વધશે, વધ્યું છે, એક મહાત્મા ગાંધીજીથી નહીં, એક સરદાર પટેલથી નહીં; - હજારો ગુજરાતીઓ નાના નાના ગાંધીઓ ને પટેલો થયા હતા તેથી. એક મહાન માનવી તો માર્ગ બતાવી શકે, દીવાદાંડી બની શકે. હજારો નાનાંમોટાં સફરી જહાજો એ દીવાદાંડીથી સચેત બનીને ઘુમે ત્યારે જ દેશ મહાન થાય. માટે જ નાનાં મનાયેલાં માનવીઓની કથાઓ મને વધારે ગમે છે.’*--ગુણવંતરાય આચાર્ય

શ્રી. મહેન્દ્ર મેઘાણી સંપાદીત ‘ગાંધી-ગંગા : ભાગ-૧’ પાન : બે ઉપરથી,
**lokmilaptrust2000@yahoo.com** ના સૌજન્યથી સાભાર…